# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૬/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

———————————————————————————————————

# જીવનમાં તમે શું નહીં કરી શકો એના કરતા તમે શું કરી શકો છો એના વિશે વિચારીને આગળ વધો : સ્પર્શ શાહ

**ચેમ્બર દ્વારા 'હલ્લો હોપ, ફેરવેલ ફીઅર' વિશે યુએસએના સ્પર્શ શાહ સાથે વેબીનાર યોજાયો**

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૬:૦૦ કલાકે 'હલ્લો હોપ, ફેરવેલ ફીઅર' વિશે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં યુ.એસ.એ.ના સિંગર, સોન્ગ રાઇટર, રેપર અને મોટીવેશનલ સ્પીકર એવા ૧૬ વર્ષીય સ્પર્શ શાહે જીવનમાં તમે શું નહી કરી શકો એના કરતા તમે શું કરી શકો છો એના વિશે વિચારીને આગળ વધવાની સલાહ આપી બધાને મોટીવેટ કર્યા હતા. સાથે જ તેમણે કોરોનાની આ વિપરીત ઘડીમાં અફવાઓથી દૂર રહીને અન્ય એક્ટીવિટીમાં પોતાને રચ્યાપચ્યાં રાખી સુરક્ષિત રહેવાની સલાહ પણ આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, પ્રવર્તમાન પરિસ્થિતિમાં ઘરમાં જ રહીને કોરોનાની સમસ્યા સાથે લડવાનું છે ત્યારે વેબીનાર દ્વારા લોકોને એકબીજા સાથે સંપર્કમાં રાખવાનો ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો છે.

શ્રી સ્પર્શ શાહે જણાવ્યુ હતુ કે, કોવિડ– ૧૯ને આપણે બધાએ ખૂબ જ ગંભીરતાથી લેવાની જરૂર છે. ભય ખૂબ જ જરૂરી છે કારણ કે એના કારણે જ આપણે ઘણા બધા સાવચેતીના પગલા લેતા હોય છે. કોરોનાને કઈ રીતે કન્ટ્રોલ કરવાનો છે એના ઉપર જ આપણુ ફોકસ હોવુ જોઇએ. કોરોનાના કેટલા કેસ વધ્યાં છે વિગેરે બાબતોથી

દૂર રહીને અન્ય એકટીવિટી વિશે ચર્ચા કરવી જોઇએ. કોરોના તો ભાગી જ જશે પણ આ પરિસ્થિતિમાંથી બહાર નીકળીને આપણે પહેલા કરતા વધારે સ્વસ્થ રહીશું. કારણ કે આપણે સ્વચ્છતાની વધારે કાળજી રાખતા થઇ જઇશું. આવા સમયે આપણને પોતાની આવડતને સાર્થક કરવાનો મોકો મળ્યો છે એનો ભરપુર ઉપયોગ કરવો જોઇએ. આ બાબત આપણી લાઇફ સ્ટાઇલ અને એટીટયુડમાં ખૂબ જ મહત્વાની ભુમિકા ભજવે છે.

તેમણે જણાવ્યુ હતુ કે, જીવન જીવવા પાછળનો હેતુ શું છે એ બાબતને ધ્યાનમાં રાખીને જીવન જીવવું જોઇએ. જીવનમાં જે બનતુ હોય છે તે બધુ સારા માટે જ થતું હોય છે. ભગવાનના પ્લાનીગ મુજબ જ આપણે જીવનમાં આગળ વધીએ છીએ. ભગવાને મને જીવવા માટેનું કારણ આપ્યુ તેમજ દાદા–દાદી અને માતા–પિતાએ જીવન કેવુ જીવવાનુ તે વિશે મને શીખવ્યુ. મિત્રોએ મને સપોર્ટ કર્યો છે. જયારે પણ નવી સર્જરીમાં જાઉ છુ ત્યારે બધા મને પ્રેમ આપે છે. પ્રેમ એ સૌથી મોટો આશિર્વાદ છે.

જીવન માટે ભગવાનના જે વચન હોય એને એ કોઇ દિવસ ડીલે નહીં થવા દે, આ વચનો સમયસર બધું જ કરે છે. વિપરીત પરિસ્થિતિઓના લીધે કોઇ બાબતને જીવનમાં અચીવ નહી કરી શકાતી એવુ ખરેખર હોતુ નથી. તમે મહેનત કરશો તો સમય પર એ ચોકકસપણે ઘડે જ છે. કયારેક સફળતા સુધી પહોંચવા માટે તમારે યુ ટર્ન પણ લેવો પડે છે. કદાચ તમારે આખો રસ્તો પણ બદલવો પડે તો ગભરાવવું ન જોઇએ અને એ રસ્તા પર આગળ વધવું જોઇએ.

સ્પર્શ બનવુ હોય તો તમને તમારામાં વિશ્વાસ હોવો જોઇએ. આપણા દરેક પાસે એક શકિત છે જેમાંથી બીજા લોકોને ઇન્સ્પાયર કરી શકીએ તેમજ બીજાના જીવનમાં ઉજાસ કરી તેઓને હાસ્ય આપી શકીએ. આપણે બધા જ સારા કામ કરીશું તો દુનિયા ખૂબ જ સારી બની જશે. સ્પર્શે મન, વચન અને કાયા વિશે મહત્વની વાતની સમજણ આપતા જણાવ્યુ કે, નેગેટીવ વિચારોને દૂર રાખી માઇન્ડને પોઝીટીવ રાખો. ખોટો વિચાર આવે ત્યારે સારા વિચાર મનમાં લાવો અને સૌથી અગત્યનું કે બોલતા પહેલાં દસ વખત વિચારવાનુ રાખો. સારુ કેરેકટર હોય તો સારા કામ કેમ ન કરાય?

તેમણે જણાવ્યુ કે, સંગિત મારુ પેશન છે. પરિવાર અને નાના ભાઇ સાથે રમવાનુ મને બહુ ગમે છે. સવારે ઉઠીને અડધો કલાક એકસરસાઇઝ કરુ છુ અને નવા દિવસ માટે ભગવાનનો રોજ આભાર માનુ છુ. ‘ઓ પાલનહારે નિર્ગુણ ઓર ન્યારે, તુમરે બીન હમરા કૌન ના રે’ લગાન ફિલ્મમાં ભજવાયેલું આ ગીત કહો ભજન મને બહુ જ ગમે છે. તેમણે વધુમાં કહયુ કે મારાથી રમાય નહી, સોશિયલાઇઝ્ડ નહી કરાય પણ હું ગાઇ શકું, લોકોની સાથે વાત કરી શકુ અને તેઓને અવેર પણ કરી શકુ છું. મારો ગોલ મારા મ્યુઝીકને વધારવાનો છે. કદાચ હુ ગાયક છુ, મે જે ગીત લખ્યા છે તે વધારે લોકો સુધી પહોંચાડવાનો મારો પ્રયાસ છે.

સ્પર્શના પિતા શ્રી હિરેન શાહે જણાવ્યુ હતુ કે, સ્પર્શના હાડકાં એટલા નાજૂક છે કે જન્મ લેતાની સાથે જ તેના શરીરમાં ૧૪૦ જેટલા ફ્રેકચર થઇ ગયા હતા. પણ એક વર્ષની ઉમરે તે ૪૫ વર્ડ અંગ્રેજી ડિકશનરીના વાંચી લેતો તે જોઇને અમને નવાઇ લાગી હતી. મિત્રો બનાવવામાં એ ખુબ જ ફ્રેન્ડલી છે. આજે એ નાચી નહી શકે પણ ગીત ગાઇને એ બધાને નચાવી શકે છે. અમારું બાળક શું નહીં કરશે એના કરતા તે શું કરી શકે છે તેના ઉપર અમે ફોકસ કર્યો હતો. આથી બાળકોને માત્ર પ્રોત્સાહનની જરૂર હોય છે.

સ્પર્શના માતા શ્રીમતી જિગીશા શાહે કહયુ કે, કારમાં લોન્ગ ડ્રાઈવ વખતે કિશોર કુમારના સોન્ગ સાંભળતી હતી. સ્પર્શે હિન્દી કોઇ દિવસ સાંભળ્યુ ન હતું છતાં એ માત્ર સાંભળીને વ્યવસ્થિત ગાઇ લેતો હતો. ત્યારે અમને વિચાર આવ્યો કે સંગિત વિશે એને ગોડગીફ્ટ હશે અને રૂચી પણ હશે. એટલે છ વર્ષે એને અમે સંગિત શીખવા માટે મુકયો હતો. આજે પણ એ સંગિત શીખી રહયો છે અને અત્યાર સુધીમાં તેણે ૮ મ્યુઝીક કોમ્પીટીશનમાં ભાગ લીધો છે તેમજ ૧૦ દેશોમાં ૧૦૦ કરતા પણ વધારે લાઇવ પર્ફોમન્સ આપી ચૂકયો છે.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ ખૂબ જ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ પ્રાસંગિક વિધી કરી હતી. આ વેબીનારમાં ભારતમાંથી જ નહીં પણ યુએસએમાંથી પણ ૨૩૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. જેમનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો.